પૂર્વાપર

નવી ચેતનાનું સામયિક

વર્ષ : ૧, અંક : ૧, ૨૦૦૯

પરામર્શક
ગણેશ દેવી, અર્જુન રાઠવા, કાનજી પટેલ, અશોક ચૌધરી

સંપાદક
જિતેન્દ્ર વસાવા

અક્ષરાંકન
સંજય રાઠવા, નિરજ કેંગે

સમય અવધિ : ત્રૈમાસિક

કિંમત પ્રતિ અંક : ૩. ૩૦/-
વાર્ષિક લવાજમ :
વિદ્યાર્થી : ૩. ૧૦૦/-
અધ્યાપક : ૩. ૧૩૦/-
સંસ્થાકીય : ૩. ૧૬૦/-

લવાજમ મનીઑર્ડર દ્વારા 'સંપાદક, પૂર્વપરા' નામે મોકલવું.

પત્ર વ્યવહાર અને લવાજમ મોકલવાનું સરનામું :
જિતેન્દ્ર વસાવા, સંપાદક, 'પૂર્વપરા'
આદિવાસી અકાદમી
'મંદાર'
મુ. પો. તેજગઢ ૩૯૧ ૧૫૬
તા.છોટાઉદેપુર, જિ. વડાદરા
ફોન નં. : ૯૮૭૯૩૦૦૧૩૨, ૦૨૬૬૯-૨૯૦૩૩૨
ઈમેલ : jitendra_academy@yahoo.com

પ્રકાશક :
PURVA PRAKASH
પૂર્વ પ્રકાશ
૧૦ સ્પ્રિંગ વ્યૂ, તક્ષ કોમ્પ્લેક્ષ ની સામે
વાસના રોડ, વડોદરા ૩૯૦ ૦૧૫
ફોન નં. : ૦૨૬૫ - ૨૨૫૧૫૨૪
ઈમેલ : purvaprakash.publication@gmail.com

મુદ્રક :
શિવમ ઑફસેટ, વડોદરા

(પૂર્વપરામાં પ્રસિધ્ધ થયેલા લખાણોનું મંતવ્ય લેખકનું પોતાનું છે.)

અનુક્રમણિકા

સાહિત્ય

શિષ્ટ સાહિત્યનો આધાર સ્રોત : આદિવાસી લોક સાહિત્ય – ડૉ. ભગવાનદાસ પટેલ
ગુમ થયેલ છે ગુજરાતની અસ્મિતા– મનીષી જાની
ભીલોડી ગીતોમા રાજકીય ઈતિહાસ– પ્રા. મહેશ ડામોર

શિક્ષણ

જીવનનો સંબંધ – પ્રા. કાનજી પટેલ
પ્રાથમિક શિક્ષણની દશા અને દિશા – પ્રકાશ પરમાર
શિક્ષણઃ વ્યક્તિ અને સમાજજીવનના અનુસંધાને– પ્રા. અર્જુન રાઠવા
શિક્ષણના કેટલાક અભિગમો– શનીયા રાઠવા

વિકાસ

વિકાસની પરીભાષા : એક નજર – અશોક ચૌધરી
પાલામૌ : એક વિશાળ સ્મશાનગૃહ– મહાશ્વેતા દેવી
આધુનિક સિલિકોસિસ બિમારી – શંકર તડવલા

વિદ્યાર્થી વિશેષ

દેહવાલી ભીલી અને લોક સાહિત્ય પર એક વાત – સુધા વસાવા
અહૈં ત એક પરિચય– ચંદ્રુ રોહિત

સાંપ્રત

પરંપરા દિવસ સાપુતારા – ડાહ્યાભાઈ વાઢુ
જ્યાં જેને કૃત – ‘ધ બાલ્કની’ : ભ્રમણાઓનુ ઘર – ડૉ.ગણેશ દેવી, અનુ. શિરિષ પંચાલ

કવિતા

માં પ્રથમ લડાઈ આપણીજ –વાહરુ સોનવણે, અનુ. અંજુ , કાંતિ
ને, એક....? – પ્રકાશ પરમાર

ઓરસંગના તટેથી...

ઘણા સમયથી અમે કેટલાક મિત્રો સાહિત્ય,શિક્ષણ, સામજ અને વિકાસ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી છેંટા પડતા. અમારામાંના કેટલાક વિદ્યાર્થીઓ,શિક્ષકો અને અધ્યાપકો છે. તો કેટલાક સમાજ કાર્યકરો છે. સંશોધન કરનારાઓ પણ ઘણી સંખ્યામાં છે. કોલેજોમાં તો કેટલાક વિદ્યાર્થીઓ ઉત્સાહભેર શિક્ષણ સાહિત્ય અંગે ચર્ચા કરી શકે છે. કેટલાક એવા શિક્ષકો છે જે ખરેખર ભણાવવા માગે છે જીવન સંબંધી કંઈક નવું. અધ્યાપક મિત્રોમાં કેટલાક સાથે ચર્ચા કરતાં તેઓ સાહિત્યમાં કશુંક નવું શોધવાના પ્રયાસમાં છે. આપણા સમાજના સક્ષ કાર્યકરોમાંના કેટલાકનું બયાન છે કે આપણી શિક્ષણની પરિક્ષા પદ્ધતિની હરિફાઈથી દેશભરમાં માત્ર એક જ વિદ્યાર્થી જીતે છે બાકીના બધા જ વિદ્યાર્થીઓ હારેલા હોય છે અને આવી હારેલી પેઢીઓ પોતાના સમાજ કે દેશ અંગે નવો વિચાર ઊભો કરી શકશે જ એમાં એમને શંકા છે. આવા પ્રવાહમાં આપણે શું કરવું જોઈએ ? આ બધી તેંટતી કડીઓને કઈ રીતે જોડી શકાય ? શેના વડે આ ખાઈને પૈંરી શકાય? વ્યક્તિથી કુટુંબ, કુટુંબથી સમાજ, સમાજથી કબીલો (સમુદાય) અને આ સમાજને શિક્ષણ- સાહિત્ય- વિકાસ કઈ રીતે સ્પર્શી શકે? આ બધા એક તારમાં કઈ રીતે પરોવાય કે જેથી કોઈ નવા વિચારના સા દર્યનીનિર્મિતિ શક્ય બને. વ્યક્તિ - સમાજની ચેતનાને ગતિશીલતા પ્રાપ્ત થાય અને ઠેર-ઠેર દેખાતી વ્યક્તિ-વ્યક્તિ તથા વ્યક્તિ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધોની ઊર્ધ્વતા ઊંચે ઊઠે. અલગ અલગ અવાજો એક મંચ પર આવે અને કોઈ નવી ભાષાનો જન્મ થાય. જેમાં પુરી માનવજાતની વાતો કરી શકીએ. વિદ્યાર્થી-શિક્ષક અને શિક્ષક - વિદ્યાર્થીનો સંવાદ રચાય, શિક્ષક અને સમાજ એક ચોતરો માંડે, સાહિત્ય અને સમાજ એક ઢોલના તાલે નાચી-કેંદી શકે, જેમાં શિક્ષણ અને સમાજ હાથમાં હાથ પરોવી સાથે ચાલીને વિકાસનો તેને અનુકૈંળ રહે તેવો રસ્તો બનાવે. આવા બધા વિચારો ઘણાં લાંબા સમયથી ચાલ્યા કરતા. અમારામાંથી કેટલાક કહેતા, પણ આ બધી કલ્પનાઓને વ્યક્ત કરવા કોઈ માધ્યમ તો જોઈએ. આખરે ખેંબ મથામણોમાંથી માં જેમ બાળકને જન્મ આપે છે તેમ આ 'પૈંર્વપરા' જન્મ્યું છે. પછી તો આનંદ...

પણ, સાચું કામ હવે શરૂ થાય છે. જેને વિચારો અને કલ્પનાઓ રૂપી ગર્ભ રહેલો છે એવા વ્યક્તિની શોધનું. અને એ અક્ષરોને જન્મ અપાવવાનું. 'પૈંર્વપરા'માં એની વાતની માંડણી કરાવવાનું. ખેંબ ઉજળું કામ છે. કેટલાક સમય પહેલા 'ગદ્યપર્વ', 'વહી' જેવા સામાયિકો બંધ થયા અને આવી અસંખ્ય અક્ષરોની જન્મદાત્રિ વ્યક્તિઓએ પોતાના વિચારરૂપી બાળકને જન્મ આપવાનું બંધ કર્યું. એટલે કે અસંખ્ય કલ્પનાઓએ પોતાના મનગમતા આકાર લેવાનું બંધ કર્યું. જેને કરણે અનેક પેઢીઓનું નાચવાનું-ગાવાનું-કથા-વાર્તા કરવાનું બંધ પડ્યું કહેવાય. મૈંળ અર્થે અનેક પેઢીઓની ઊજાગર થનારી ચેતાના પડી ભાંગી. જ્ઞાન નિર્માણ બંધ પડ્યું. આનાથી વ્યક્તિ, સમાજ કે દેશનો તેટલા સમયના વિકાસની કલ્પનાનો ગર્ભપાત થયો કહેવાય અને જો કલ્પના જ નહીં રહે તો વ્યક્તિ કે સમાજનો જીવનનો શો અર્થ ? એટલે જીવનના સાચા અર્થની માંડણી માટે 'પૈંર્વપરા' એ જન્મ લીધો છે. તે સાચા અર્થોની કલ્પના કરનારાઓને આવકારે છે.

જિતેન્દ્ર વસાવા

શિષ્ટ સાહિત્યનો આધાર સ્રોતઃ આદિવાસી લોક સાહિત્ય

ડૉ.ભગવાનદાસ પટેલ

ભીલ સ્ત્રીને ગ્રામ અને નગર સંસ્કૃતિસ્ત્રી જેટલી ઈર્ષા કે પ્રેમીની પર પ્રેમિકા તરફનો દાહનો ભાવ નથી. આ સમતા ભાવ તેમના પૂર્વકાલીન સમાજનું પ્રમુખ લક્ષણ છે. આવી માંગલ્ય ભાવના પૂરા ભારતીય સાહિત્યમાં દુર્લભ છે. 'સૂરસાગર'માં મથુરા ગયા પછી કુબ્જોએ શ્રકૃષ્ણને પોતાના કરી લીધા હોય એવી કલ્પના માત્રથી ગોપીઓ કુબ્જા તરફ ઈર્ષાની અગ્નિમાં પ્રજળે છે. તેને 'કૂબડૂ'કહીને વ્યંગબાણ વરસાવે છે. વનસંસ્કૃતિની સ્ત્રીનું હૃદય વધુ સરળ અને ઉદાર છે. ગોઠિયાને છોડતાં પારાવાર દુઃખ થાય છે પણ ગોઠિયો દુઃખી ન થાય એ એની અંતરની મહેચ્છા છે, વિમલ ભાવના છે.

ગોઠિયાનાં ગીતોમાં કુટુંબજીવનના સગપણની સાંકળ હોતી નથી. અહીં યુવતીને ગોઠિયા તરફના નિર્વ્યાજ પ્રેમ સિવાય બીજું કોઈપણ સગપણ હોતું નથી. આ પ્રેમ પણ થોડાંક વર્ષો માટે જ અનુભવવાનો-માણવાનો હોય છે. સમાજ સ્વીકૃત પ્રણાલી હોવાથી પ્રેમમાં થતી અનુભૈંતિને કિશોરી-તરુણી ગોઠિયા ઉપરાંત માતાને પણ કહી શકે છે. માતા સાથે સંવાદ રચી પોતાના પ્રેમની પ્રત્યેક અનુભૈંતિમાં માતાને સહભાગી બનાવી શકે છે. ત્યાં સુધી કે સમાગમ સમયે થયેલી આનંદની અનુભૈંતિ માતાને કહી શકે છે. એથી પણ આગળ વધીને રાતના સમયે સમાગમ માટે આતુર, ધસમસતા પૈંરની માફક આવી રહેલા ગોઠિયાની ઝડપી ચાલથી ધ્રૈંજી રહેલા દ્વારની વાત પણ યુવતી માતાને કરી શકે છે :

ગોઠિયો આવે ઝાંપો (દ્વાર) વાઝે ને આયા
ઝાગતી એ તો હુઈ ઝાઝે ને આયા !

આદિમ અને દાહક ભાવોમાં વ્યક્ત થતો આ રાતો અનુરાગ અન્ય શિષ્ટ લિખિત સાહિત્ય કે ગ્રામ્ય લોકસાહિત્યમાં અપ્રાપ્ય છે. અહી સમાગમ માટે અભિજાત સ્ત્રીની માફક કશી સામાજિક વ્રીડા નથી. તેનું મહત્વનું કારણ આદિવાસી સમાજે જીવનના આરંભે સ્ત્રીને જાતીય પ્રેમ ભોગવવાની સહજ સ્વતંત્રતા આપી છે એવી ગ્રામ કે નગર સમાજે નથી આપી. પરિણામે જાતીય પ્રેમાનંદની સહજ અભિવ્યક્તિ આદિવાસી સમાજની સ્ત્રીની માફક અન્ય સમાજની સ્ત્રી નથી કરી શકતી. આના લીધે શ્રૃંગારિક ભાવોની અભિવ્યક્તિની દૃષ્ટિએ આદિવાસી લોકસાહિત્યની ધારા ગ્રામ કે નગરના સાહિત્ય કે લોકસાહિત્યથી અલગ પડે છે.

ગુજરાતી કવિતા-સાહિત્ય મુખ્યતઃ પુરુષ કવિની ઊર્મિઓથી આક્રાન્ત સ્ત્રી હૃદયની સહજ ભાવ-અનુભૈંતિઓનો વિકાસ નહીવત છે. પર કાયા પ્રવેશ કરીને સ્ત્રીની ઊર્મિઓને ગાવાનો કૃત્રિમ પ્રયત્ન પુરુષે જ કર્યો છે. તેનું મહત્વનું કારણ પુરુષસત્તાક સમાજમાં સાહિત્ય સર્જકો મુખ્યત્વે પુરુષો છે. પિતૃસત્તાક સમાજમાં સ્ત્રી પોતાના હૃદયના સાચા-સ્વાભાવિક ભાવો વ્યક્ત કરતાં ડરે છે.પરિણામે સ્ત્રી સહજ ભાવો હૃદયમાં જ કુંઠિત થઈ જાય છે અને સ્ત્રી જીવન કૃત્રિમતાને પામે છે. જ્યારે વનસંસ્કૃતિની સ્ત્રી હૃદયમાં જાગતા ભાવો સહજ રીતે અભિવ્યક્ત કરે છે અને તેનું વ્યક્તિત્વ સામાજિક દબાણ વિના સહજ વિકસે છે. પ્રેમના નિખાલસ ભાવોનું આ મહાવિશ્વ આજેય એવું ને એવું આદિવાસી પર્વતીય પ્રદેશોમાં રણઝણે છે અને લોકઢાળો પર ગીતોનું રૂપ લઈ વન પ્રાન્તરોમાં વ્યાપી જાય છે. જે અન્ય સમાજો માટે

દુર્લભ છે.

અહીં વ્યક્ત થયેલો ગોઠિયો-ગોઠણનો પ્રેમ એ ફક્ત શારીરિક આકર્ષણ જ નથી. તે ગોઠિયા પાસે ફક્ત વિલાસ જ નથી ઝંખતી. ગોઠિયાના દુઃખની પણ સાથી છે. ગોઠિયાને હડકાયું કેંતરું કરડ્યું છે. તેને જીવાડવા માટે એ નખથી શીખ સુધીના દાગીના આપવા તૈયાર છે :

કેંતરાનાં ખાતેલાં ન ઝીવે આયા, ન ઝીવે આયા

લેવો લેવો ગોઠિયો દવાખાંને આયા !

ગળાવાળો ટૈંટિયો હોનીને ને આયા, હોનીને ને આયા

લેવો લેવો ગોઠિયા દવાખાંને આયા !

આ ગીતમાં ગોઠણની ગોઠિયા માટે જીવનમાંગલ્યની ભાવના પ્રગટ થતી અનુભવાય છે. સૌનું શુભ ઈચ્છવું એ આદિવાસી-સંસ્કૃતિ સમાજની પ્રમુખ વિશેષતા છે. ઝૈંપડી જેવા તેમના મંદિરમાં જાય છે ત્યારે દેવી-દેવતા સમક્ષ વ્યક્તિગત સુખની કામના કરતા નથી. માનવ, પક્ષી, પશુ અને પ્રકૃતિ-સૌનું કલ્યાણ ઈચ્છે છે.

આ મંગલભાવના ગોઠિયાનાં ઘણાં ગીતોમાં પ્રગટ થાય છે. લગ્ન જેવો માંગલિક પ્રસંગ ભીલ યુવક-યુવતી માટે તો દુઃખ લાવનારો પ્રસંગ છે. યુવતી વિચારે છે કે, ''હું લગ્ન કરીને જઈ રહી છું પરંતુ મારા વિના વેરાનહૃદય બની ગયેલો ગોઠિયો બીજી ગોઠણ નહીં જોડે તો દુઃખી થશે.'' માટે તે ઉદાર અને મંગલમયી ભાવના વ્યક્ત કરે છેઃ

બીઝી ઝોરઝે બીઝી ઝોરઝે ગોઠિયા બીઝી ઝોરઝેમાર નૉમનીસ ગોઠિયા બીઝી ઝોરઝે !

હે ગોઠિયા ! હું તો હવે તારા જીવનથી અલગ થઈને જઈ રહી છું પરંતુ, તું દુઃખી ન થતો અને બીજી ગોઠણ જોરજે. મારા નામની જ બીજી ગોઠણ કરજે કે જેથી તે નામની સાથે હંમેશા તારા હૃદયમાં જીવતી રહું !

પ્રકૃતિના સાંનિધ્યમાં જીવતી ભીલ કન્યાની કથની અને કરણી એક જ છે. પોતાના પ્રિયજનને બીજી યુવતીને સોંપતાં કહે છે

: ઈડર ઝાયતો'લી, ઈડર પળકે

લેં કે કેળી તૉય આલિયો માર દોસ,

કાકાવાળી તૉય આલિયો રે !

હથેળીમાંહો ઝાળો ઝાળવેં એમ જાળવો રે !

પૉમલી તૉય આલિયો રે !

કેળી (નામ), ઈડર જાય તો આખું ઈડર શહેર પ્રકાશિત થઈ જાય, એવો મારો ગોઠિયો તને આપું છું ! કોમળ હથેળીમાં પડેલા ઝાળા (ઝબોળા-ફોલ્લા) ની જેમ જેને જાળવ્યો છે તેવો ગોઠિયો તને સોંપું છું. હવેથી તું એને સાચવજે !

ભીલ સ્ત્રીને ગ્રામ અને નગર સંસ્કૃતિની સ્ત્રી જેટલી ઈર્ષા કે પ્રેમીની પર પ્રેમિકા તરફનો દાહનો ભાવ નથી. આ સમતા ભાવ તેમના પૈર્વકાલીન સમાજનું પ્રમુખ લક્ષણ છે. આવી માંગલ્યભાવના પૈંરા ભારતીય સાહિત્યમાં દુર્લભ છે. 'સૈંરસાગર'માં મથુરા ગયા પછી કુબ્જાએ શ્રકૃષ્ણને પોતાના કરી લીધા હોય એવી કલ્પના માત્રથી ગોપીઓ કુબ્જા તરફ ઈર્ષાની અગ્નિમાં પ્રજળે છે. તેને 'કૈંબડૈં' કહીને વ્યંગબાણ વરસાવે છે. વનસંસ્કૃતિની સ્ત્રીનું હૃદય વધુ સરળ અને ઉદાર છે. ગોઠિયાને છોડતાં પારાવાર દુઃખ થાય છે પણ ગોઠિયો દુઃખી ન થાય એ એની અંતરની મહેચ્છા છે, વિમલ ભાવના છે.

ભીલ સમાજનાં ગીતો લિખિત સાહિત્યિક ગીતની માફક ફક્ત આત્મલક્ષી એવા રસ કે વ્યક્તિગત પ્રયોજન માટે રચાતાં નથી. આવાં ગીતોનો સંબંધ જીવન સાથે પ્રત્યક્ષરૂપે હોય છે. ગોઠિયા વિષયક પ્રણયગીતો અન્ય સમાજના ભાવકને સ્ત્રીએ રચેલ આત્મલક્ષી કૃતિઓ લાગે પરંતુ, આવાં વ્યક્તિગત પ્રેમની અનુભૈંતિઓ ઊર્મિઓનાં ગીતો પણ ભીલોમાં પ્રચલિત ગોઠિયા વિષયક પ્રણય પ્રથાના સામાજિક જીવનના ભાગરૂપે જ આવે છે. અન્ય સમાજના ભાવકને વૈયક્તિક ભાવોર્મિઓ જેવાં લાગતાં આ ગીતો સૌના સમાન અનુભવોનું રૂપ ધરીને આવે છે. ગીતોમાં સમાન લોકનું ભાવતત્વ પરંપરિત રાગ-ઢાળમાં ઢળેલું હોય છે. આવાં ગીતો મેળા ગોરના રાતીજગા જેવા સામાજિક-ધાર્મિક પર્વ-પ્રસંગે નૃત્ય સાથે ક્રિયાશીલ બને છે. અને વ્યક્તિગત સંવેદના સમૈંહની બનીને પ્રગટે છે. આથી

અન્ય સમાજનો ભાવક સમાજનો મૈંળ સંદર્ભ જાણતો ન હોય તો માણવામાં અને ગીતોનું અર્થઘટન કરવામાં ભૈંલ કરે છે.

આ પહેલાં દર્શાવ્યું છે એ પ્રમાણે કિશોરાવસ્થામાં પ્રવેશતાં જ કિશોર-કિશોરી પ્રેમ કરી શકે અને જાતીય સંબંધ બાંધી શકે એ લોકમૈંલ્ય એમના પૈંર્વકાલીન માતૃસત્તાક જીવનદર્શનમાંથી સ્થિર થયું છે અને વર્તમાન સમાજમાં જીવનરીતિ તરીકે સ્વીકાર પામ્યાં છે. આ જીવનરીતિમાંથી ગોઠિયા વિષયક પ્રણયગીતો આર્વિભાવ પામ્યાં છે. અથવા એકાંતમા ભોગવેલા પ્રેમના માનસિક અને શારીરિક અનુભવો બે વ્યક્તિના હોવા છતાં સાધારણીકરણ પામી પૈંરા સંભારણા સાઠી પાર કરી ગયેલાં સ્ત્રી-પુરુષો પણ ઉમળકાને નૃત્યના ઠેકા સાથે ગાય છે.

સર્જક વ્યકિત સ્વયંની કે અન્ય વ્યક્તિની વૈયક્તિક અનુભૈંતિઓમાંથી ગીતની રચના કરે છે પણ આ અનુભૈંતિઓ એક પરંપરિત પ્રથાના-લોકદર્શનના નીતિ-નિયમોના પ્રભાવમાં ભોગવેલી હોય છે. આવી અનુભૈંતિઓ એક વિશિષ્ટ પ્રદેશમાં વસતાં સમાજના લોકની સાર્વત્રિક અને સહજ અનુભૈંતિઓ હોય છે. આ અનુભૈંતિઓ લોકસંગીતના પરંપરિત રાગ-ઢાળને નૃત્યઠેક-લયમાં રચાઈ-રસાઈને ગીત બને છે. આથી પર્વ-પ્રસંગે પૈંરા સમાજમાં પ્રસરે છે. બે વ્યક્તિએ ભોગવેલા આ પ્રેમના ભાવો પૈંરા સમાજના લોકના હોય છે. આ સાચા ભાવો સૌના હોય છે. આથી લોકકંઠમાં આવતાં જ ગીતોના પાઠ નિયત બનવા લાગે છે અને પરંપરા સર્જાઈને મૌખિક લોકસંપદા બને છે.

લોકજીવનના જૈંના પ્રસંગોનાં ગીતો વર્ષે-બે વર્ષે પુરાણાં બની ભૈંલાતાં જાય છે અને આ પરંપરામાં નવા પ્રસંગોનાં નવાં ગીતો લોકતત્વનું રૂપ લઈ, સર્જકના ચિત્તમાં રચાય છે અને સર્જક-વાહકના કંઠમાંથી પર્વપ્રસંગના વાતાવરણમાં લોકસમૈંહ વચ્ચે લોકબોલી અને લોકસંગીતના જોમ સાથે પ્રગટે છે અને લોક સમુદાયના નૃત્યના બળવાન લય સાથે સજીવ બને છે. જેને ભીલ સમાજ 'ગીતાં' કહે છે અને અન્ય સમાજ 'લોકગીત' કહે છે.

શિષ્ટ સાહિત્યનો આધાર સ્રોત :

લોકસાહિત્ય એ લોકવિદ્યાની એક પ્રશાખા છે અને લોકવિદ્યાનો સંબંધ લોકસંસ્કૃતિ સાથે છે. આમ છતાં લિખિત વ્યક્તિ સાહિત્યનો સંબંધ દૈંરનો પણ મૌખિક લોકસાહિત્ય સાથે છે કારણ કે વ્યક્તિના જીવનનો આરંભ કુટુંબ અને સમાજથી થાય છે. આથી અજાણે પણ તેના સર્જનમાં લોકનું જીવનદર્શન કલાત્મક રૂપ ધરે છે. એવું લોકમાં ખ્યાત કવિનું પણ છે. કેટલીક વાર લોકને અભિપ્રેત એવી વૈયક્તિક ભાવોર્મિઓ એટલી બધી ઉત્કટ હોય છે કે આ ઊર્મિઓ વ્યક્તિસર્જન જેવા કલાત્મક રૂપમાં પરિણમે છે. આમ લોક માંથી આવતો સર્જક અને વ્યક્તિ સર્જક ઘણા બધા પ્રસંગોમાં સર્જનના સમાન ધરાતલ પર આવી જાય છે તેનું મહત્વનું કારણ બંને સંસ્કૃતિ-લોકસેસ્કૃતિના અંશ હોય છે. આથી સમાજની જીવનરીતિ-જીવનદર્શનનો પ્રભાવ તેમના સર્જન પર પડે છે.

આના અનુસંધાને ખ્યાત પાશ્ચાત્ય વિવેચકો રેનેવેલેક અને ઑસ્ટિન વૉરેનનાં મંતવ્યો જાણવા જેવાં છે. તેઓ તેમના સાહિત્યના સિધ્ધાંત (Theory of literature, 1955)નામના ગંભીર અભ્યાસયુકત વિચારપ્રેરક પુસ્તકમાં લખે છે કે ''સાહિત્યિક પ્રક્રિયાઓને તેમજ સાહિત્યસ્વરૂપો ના ઉદ્‌ગમ અને વિકાસને સમજવા ઈચ્છતા દરેક વિદ્વાન માટે કંઠસ્થસાહિત્યનો મહત્વની બાબત ગણાવી જોઈએ.'' ''કંઠસ્થ લોકસાહિત્યનો અભ્યાસ સાહિત્યિક પરિશીલનનો જ એક અંતર્ગત ભાગ છે, કારણ કે લિખિત સાહિત્ય કૃતિઓથી તેને અલગ પાડી શકાય તેમ નથી.'' આર્ચર ટેલર જેવો લોકવિદ્યાવિદ્ પણ તેના એક લેખ 'લોકવિદ્યા અને સાહિત્યનો વિદ્યાર્થી' (એલન ડંડીઝ દ્વારા સંપાદિત પુસ્તક (The Study of Folklore, 1965) માં કહે છેઃ ''(૧) ઘણી સંસ્કૃતિઓમાં લોકવિદ્યા સાહિત્યથી અભિન્ન હોય છે, (૨) સાહિત્યમાં લોકવિદ્યામાંથી ઉછીનાં તત્વો હોય છે, અને (૩) લેખકોએ લોકવિદ્યાનું અનુકરણ કર્યું હોય

છે.''

આ બાબતને સમજવા આપણે પૈર્વકાલીન કાલિદાસ, વાલ્મીકિ અને ભવભૈંતિ જેવા સમર્થ વ્યક્તિઓનાં રસસ્થાનોને લોકમાં પ્રચલિત ગોઠિયાના ગીતોનાં રસસ્થાનો સાથે સરખાવી જોઈએ.

કાલિદાસના 'વિક્રમોવર્શીયમ'માં ઈન્દ્રના દરબારમાં રાજા પુરુરવાના વિચારમાં ખોવાયેલી ઉર્વશીથી અભિનયમાં ભૈંલ થઈ ગઈ. આથી ભરત મુનિ દ્વારા પૃથ્વી પર પડવાનો શાપ પામી. અહીં પણ ગોઠિયાના પ્રેમમાં આકંઠ ડૈંબેલી ગોઠણ 'સાંગો'ના નૃત્યના લયને ભૈંલી જાય છે.

આયા માર, કૉબરીઓ પાટ પૈંરિયો આયા માર,

સાંગોવાળો એલો પૈંલી ગેઈ રે, આયા માર !

આયા માર, એ હુ કળા ઓઈ રે, આયા માર,

સાંગોવાળો એલો પૈંલી ગેઈ રે, આયા માર !

ગોઠિયાના પ્રેમમાં ગળાડૈંબ ગોઠણ પ્રેમની મધુરરમ્ય સ્મૃતિઓમાં ડૈંબી જાય છે. પરિણામે બાલ્યાવસ્થાથી જ શીખેલા 'સાંગો'નૃત્યના ઠેકાને ભૈંલી જાય છે અને આશ્ચર્ય અનુભવે છે, એવી કઈ કળા બની કે 'સાંગોવાળો' એલો પૈંલી ગેઈ રે !

'ઉત્તરરામચરિતમ્'માં મહાકવિ ભવભૈંતિ સીતાહરણ પછીની રામની વિરહ વેદના આ રીતે વ્યક્ત કરે છે :

जनस्थाने शून्ये विकलकरणैरार्यचरिते-
रपिग्रावा रोदित्यपि ढलति वज्रस्य हृदयम ।

'સૈંના જનસ્થાનમાં વ્યાકુળ ઈંદ્રિયોવાળા આર્યે જે આચરણ કર્યું તેનાથી તો પથ્થરો પણ રડી ઊઠ્યા અને વજ્રનું હૃદય પણ ફાટી ગયું ! વિયોગની આ જ સંવેદના ગોઠિયો અને ગોઠણ અનુભવે છે.

માયા સોરઝે ... ગોઠિયો હોરો રેંઝે'લા !

''હે ગોઠિયા, હવે તું મારી માયા છોડી દેજે અને સાજો રહેજે !'' શરીરમાંથી પ્રાણ ઊતરડાતો હોય એમ ભારે હૃદય આગળ કહે છે :

ડગરા રોહેં, ઝાળાં રોહેં, મોટાં મોટાં રુખાં રોવરાવિયાં રે,
ગોઠિયા હોરો રેંઝે'લાકેંણ મૉનેલા ગોઠિયા હોરો રેંઝે'લા !

''આપણે એક બીજાથી અલગ થઈને જઈએ છીએ તે વેદના પથ્થરો પણ જીરવી નહીં શકે કારણ કે આપણે તેમના સાક્ષીએ પ્રેમ કર્યો હતો. આપણી આ વિયોગ વ્યથા પથ્થરો પણ સહન નહીં કરી શકે. આથી પથ્થરો પણ રડશે, અને જેમની છાયામાં બેસીને બેશુધ્ધ વિસ્મૃતિની ક્ષણો ભોગવી હતી તે ઝાડ-ઝાખરાં પણ રડશે!''

વિરહ નજીક આવી રહ્યો છે અને ગોઠિયાની મનોવ્યથા ભારે છે. તેના વિયોગની વેદના સીતાહરણ પછી વાલ્મીકિના રામની દારુણ વિરહ વેદનાથી જરાય ઊતરતી નથી. વાલ્મીકિ લખે છે, ''સીતા વિરહના શોકરૂપી કાદવમાં ગળી ગયેલા હોવાને લીધે ઉન્મત્ત બનેલા રામચંદ્ર વૃક્ષે-વૃક્ષે, પર્વતે-પર્વતે અને નદીએ-નદીએ વિલાપ કરતા કરતા ભમવા લાગ્યા અને મોહને લીધે અજ્ઞાત બાળકની પેઠે તે વૃક્ષાદિ પ્રત્યે સીતાની ભાળ પૈંછવા લાગ્યા.''

વાલ્મીકિના વંશજો પાસે વાલ્મીકિની સંવેદનાને આંબી જાય એવી સંવેદનાનું વિશ્વ પડેલું છે ગોઠણનાં લગ્ન લેવાયાં છે અને ગોઠિયો વિચારે છે, ''જે સ્થળોએ પ્રેમની પરમ ઉત્કટ ક્ષણો માણી હતી તે ગોઠણ વિના શૈંન્ય થઈ ગયેલાં પ્રકૃતિનાં સ્થાનોમાં એકલા જ ઘૈંમવાનું?'' ગોઠણ કહે છે:

જે જણિયા ઝોરામાં મોરિયા હેંણ રોએ'લા !

''જયાં આપણે ઢોર ચારતાં હતાં તે જેજણિયા ઝોડમાં હે મોર ! મારા ગોઠિયા ! તું શા માટે રડે છે?''

લગ્નની વાતથી વિવશ અને દુઃખી થઈ રડતા ગોઠિયાને કન્યા ધીરજ ધરવાનું કહે છે : નેં રોઉં એંમ કેંતો'લા, વેંળે (વહેળે) વેંળે હેંણ રોયે'લા ! ગોઠિયાના હૃદયમાં સળગતી વિરહની હોળીનું અશ્રુગાન હૃદયદ્રાવક છે ! ત્યાર સુધી તો ગાતાં હતાં :

ખાખરાની હીંળી સાય'લા,આવ ગોઠા,

છૈંતાં બેઠાં મેંઝા કેંરિયેં 'લા, હવે કાલે તો :

આડા મગરા પરિયા'લા,કેંમ કેંરી ભેળાં ઓય'લા !

કાલ પછી તો આખી જિંદગી ઊછળતા વિયોગ કારમો મહેરામણ! પ્રકૃતિના આ વિવિધરંગી મનોહારી પટવિસ્તારમાં પાંગરેલી નેહની વેલ લગ્નની વેદી પર 'કપૈંરના પ્રજવલિત ભડકા'ની માફક ભડકીને સમાપ્ત થઈ જાય છે. પરંતુ, કિશોરાવસ્થાના પવિત્ર પ્રેમની આ અુરણિમા જીવનભર માટે એક આલોકરેખા બની જાય છે.

પ્રથમ યૌવનની સુકુમાર રાતોમાં પ્રણયની વંશીનું ગીત એટલી તલ્લીનતા અને આત્મવિસ્મૃતિ સાથે સાંભળ્યું હતું કે હવે તો તૈંટતા ગીતના એ લયના ટુકડા સ્મૃતિઓ રૂપે શેષ રહી જાય છે ! હવે તો ખાખરાની હીળી સાય'લા ગોઠા એ દનરા સોતે આવે'લા ગોઠા હે ગોઠિયા, ખાખરાની શીતળ છાયામાં બેસીને પ્રેમ કરતાં હતાં એ દિવસો યાદ આવે છે !

આમ જીવનના નાના ટુકડામાં કરેલો પ્રાણાસવથી અભિમંત્રિત અને હૃદયમાં જ અશ્રુમુખી આ ખંડિત પ્રેમ, જીવનની યાદનો કાયમી સ્તૈંપ બની છે. આ સ્મૃતિઓ સ્ત્રી અને પુરુષ-બંને પ્રેમીને પ્રભાવિત કરતી હોવાથી ગોઠિયાનાં ગીતોમાં દાંમ્પત્યજીવનના ભાવો ગેરહાજર છે.

સ્ત્રી અને પુરુષની સહિયારી સંપત્તિ જેવાં આ ગીતોમાં રોજબરોજ બનતા વાસ્તવજીવનના પ્રસંગોનાં સરળ, મધુર અને અનલંકૃત બોલીમાં આલેખાયેલાં ચિત્રો હૃદયસ્પર્શી છે. તેમના સહજ ભાવોમાં કવિતા છે. શબ્દ શાશ્વત બને એવી કવિતા છે. અહીં વ્યક્ત પૈંર્વરાગ, મિલન, વિરહ અને જાર-પ્રેમના ભાવો એ રસશાસ્ત્રની જેમ કાવ્યમાં જ રસાનંદ લેવાના ભાવો નથી. આ તો આચાર્યોને કાવ્યશાસ્ત્ર-સા દર્યસાસ્ત્ર-રસશાસ્ત્રની રચના કરવામાં સહાયક થાય એવા વાસ્તવ જીવનમાં ભોગવેલા

ગુમ થયેલ છે ગુજરાતની અસ્મિતા

મનીષી જાની

તમારી બુદ્ધિનો વિકાસ કરવો હોય તો ગ્રામ્ય સાધનોનો અભ્યાસ કરો, તેની ખૂબી અને ખામી સમજો, અને પછી તેને વિશે લખો. જેનું મગજ તાજું છે તેમને ગામડામાં નવું નવું જોવા જાણવાનું મળશે. ગામડામાં જતાં બુદ્ધિ રૂંધાઇ જાય એમ નથી. જે એવું કહે તેને હું કહીશ કે રૂંધાયેલી બુદ્ધિ લઇને ત્યાં ગયા હશે, ખરી રીતે બુદ્ધિના વિકાસને માટે ક્ષેત્ર જ ગામડું છે. નગર નથી.

મારી દૃષ્ટિએ તો ગુજરાતની અસ્મિતા ખોવાઈ છે, જડતી નથી. એમ થાય છે કે 'ગુમ થઈ છે. પત્તો આપનારની યોગ્ય કદર થશે' એવી જાહેરખબરના હોર્ડીંગ્સ લગાવવાં જોઈએ પરંતુ અત્યારે તો આ ગુમ થયેલી અસ્મિતાની જાહેરાત માટે કોઈ હોર્ડીંગ્સ ખાલી નજરે પડતું નથી. જયાં જુઓ ત્યાં ટાટા-મોદીના હસતા ફોટાઓ સાથે નેનો સ્વાગત-અભિનંદનના હોર્ડીંગ્સ દેખાય છે અને તે પણ જાતભાતની વેપારી સંસ્થાઓને ક્લબોના સૌજન્યથી. ઓરીયન્ટ કલબ, લેડીઝ કલબ, કર્ણાવતી કલબ, રાઈફલ કલબ વગેરે....વગેરે. 'કર્ણાવતી' અને 'રાઈફલ' બંનેને સાથે મૈંકવાથી, 'કલબ' કરવાથી અમદાવાદની આજની ઓળખાણ મેળવી શકાય?

આજના નગર અને નાગરિકની વાત માંડતાં પહેલાં પ્રશ્ન જરૂર થાય કે સેંકડો વરસો પહેલાં ગુજરાતના આદિકવિ નરસ યાએ 'વૈષ્ણવજન'ની વાત માડેલી તે કયાં છે? પીડ પરાઈ જાણવી, સકળ લોકમાં સૌને વંદે, વણલોભી ને કપટરહિત, આ બધું કયાં છે? નરસ યોની આ વાતને ગાંધીજીએ ફરી મૈંકી. પણ વળી કયાં ગાયબ થઈ ગઈ? નરસ યાનીહૂંડી, કુંવરબાઈનું મામેરું એવી બધી ચમત્કારિક વાતો ખૈંબ ઘડાઈ. ઘણાં નાટક-ફિલ્મો એવું બધુંય આજ લગી ચાલતું રહ્યું છે. ભાભીનાં મેણાં, ગરીબાઈ, કૃષ્ણભકિતનું ગાંડ પણ, કવિનું ઘેલાપણું, બેફિકરાઈ આવી બધી વાત ચાલતી રહી છે. પણ નરસ યોનુંજૈંનાગઢના દલિતવાસમાં ભજન કરવા જતા, નાગરીનાતમાં તોફાન મચી ગયું. આ બધી વાત કેમ વજનપૈંર્વક દેખાઈ નહીં? એ સમયે જડબેસલાક વર્ણવ્યવસ્થાના જમાનામાં આવુ ક્રાંતિકારી પગલું કયા સંજોગોમાં લીધુ હશે? કેમ એને આક્રોશપૈંર્વક ગાવુ પડયું:

'એવા રે અમો એવા રે, તમે કહો છો તેવા રે,
ભકિત કરતાં ભ્રષ્ટ કહેશો તો કરશું દામોદરની સેવા રે

એના માથે અને એ દલિતવાસના માથે શું વીત્યું હશે? આ બધી વાત કયાં ગુમ થઈ? કોણે ગુમ કરી? અને 'પરભાતિયાં'ને જેમ ગુંજતું આ વૈષ્ણવજન કેમ કરીને ગંભીર મને, આંખો બંધ કરીને ગવાતું ભાવવિહોણું ભજન બની ગયું? 'વૈષ્ણવજન' ના ગુણવિષયક યાદી જ કેમ આ પદ બની રહ્યુ? હેમંત ચૌહાણ જેવા ગાયકોને કંઠે ગવાતાં પરભાતિયાં જેવો આનંદ કયાં જતો રહ્યો? શિક્ષકોએ ફકત 'વાચ-કાછ મન નિશ્ચલ રાખે, પરસ્ત્રી જેને માત રે' એટલી નૈતિક મૈંલ્યની ખોબલા જેવી વાત ભણાવી, પીડ પરાઈ જાણવાની મોટી વાતનેકેમ ગુમ કરી દીધી?

આમ જ નરસિંહ મહેતાને રસ્તે ચાલનાર બાપુસાહેબને કોણ અને કયાં ભણાવે છે? વડોદરાના મરાઠા સરદાર કુંટુબના જન્મેલા બાપુસાહેબ ગાયકવાડ (ઈ.સ.૧૭૭૯-૧૮૩૪) જેમણે ગુજરાતીમાં જ ભજનો લખ્યાં છે. તેઓ પણ નરસ યાની જેમ જ વડોદરાના દલિતવાસમાં ભજન ગાવા જતા જેથી તેમના

પિતાને લાગ્યું કે દીકરાએ નામ બોળ્યું છે એટલે ઘરમાંથી કાઢી મૈકેલા અને બીજે રહેવા જતાં તેની સાસુંએ પણ તેમને ઠપકો દીધો! નરસિંહ મહેતાની જેમ જ એમનો સમાજને જવાબરૂપ પદ નોંધનીય છેઃ

અમે બગડ્યા, અમે બગડ્યાં,લેજો જાણી રે;
ભાઈ અમે બગડ્યા, અમે બગડ્યા...
પારસસંગથી પથ્થર જોને બગડ્યા,
થયો પારસ તે જાણે કોક જ્ઞાની રે....

આવા બાપુસાહેબને આજે યાદ કરનારા કોણ? કેમ ગુમનામ થઈ રહ્યા?

ગુજરાતની અકસ્માતનું પણ કંઈક આવું જ આવુ જ થયું છે. નરસ યાનેપોતાનો પહેલો કવિ ગણતા ગુજરાતીઓના અને ગાંધીના ગુજરાતમાં ૧૯૮૧ અને ૧૯૮૫માં અનામતના નામે તોફાનો થયાં ને સેકડોં દલિતોનાં ઘર સળગાવાયાં, ઝૈંપડાંઓ ફૂકાંયાં! નરસ યાને ગાંધીજીના ગુણગાન ગાનારા 'સારસ્વતો' ચૈંપ રહ્યાં. અને આવા કપરા સમયે ગુજરાતી છાપાઓએ દલિતો વિરુધ્ધ ઝેર ઓકતાને હિન્દુઓના દલિતોએ મંદિરો તોડયાં' એવાં ખોટા અને ઉશ્કેરણીજનક સમાચારો છાપ્યાં. તે અંગે એડિટર્સ ગીલ્ડે ગુજરાતમાં આવીને તપાસ આદરી ત્યારે આ જ આદ્યકવિ નરસિંહ મહેતા અને મહાત્માગાંધી માટે ગૌરવ અનુભવતા, તેમના વિશે ઘણું ઘણુ લખનારા અને છાપાંઓમાં સાહિત્ય સમાજ-શિક્ષણ વિશે કટારો લખનારાને ગુજરાતના મૈંર્ધન્ય સાહિત્યકારો ગણાતા 'સજ્જનો' છાપાંઓએ કોઈ અહિત કરનારું લખાણ છાપ્યું નથી એવી રજૈંઆત તેની સમક્ષ કરેલી. અમદાવાદ ખાતેના સર્કિટહાઉસ ખાતેનું એ દશ્ય ભૈંલી શકાય એવું નથી જ. (અલબત્ત, એડિટર્સ ગીલ્ડ ઓફ ઈન્ડિયાએ તપાસ બાદ 'ક્રુકેડ મીરર' નામે રિપોર્ટ બહાર પાડેલો. તેમાં ગુજરાતી છાપાંઓને કસૈંરવાર ઠરાવેલાં જ).

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોએ તો નરસ યાનેજેમ અડધો સાચવ્યો ને અડધો ગુમ કર્યો એમ બારમી સાહિત્ય પરિષદના અમદાવાદ અધિવેશનમાં પ્રમુખસ્થાને બિરાજેલા મહાત્મા ગાંધીના ભાષણ સાથે પણ એમ જ થયું. 'કોશિયાને સમજાય' એવી ભાષામાં લખવું જોઈએ એ વાત ગુજરાતી સાહિત્યજગતમાં વ્યાપકપણે જાણીતી છે. પણ સાહિત્ય લખાણના વિષય વસ્તુ માટે જે ગાંધીજીએ કહીયુ હતુ તે જોવાતો 'ગુજરાતી સાહિત્ય' સંમેલન, અધિવેશન બારમું, અહેવાલ અને નિબંધ સંગ્રહ' જ તપાસવો પડે. 'આપણે સાહિત્ય કોને માટે રચીશું? કસ્તુરભાઈ ઍન્ડ કંપની માટે કે અંબાલાલભાઈ માટે કે સર ચિનુભાઈ માટે? એમની પાસે તો પૈસા છે, એટલે ગમે તેટલા સાહિત્યકારો રાખી શકે છે, ગમે તેટલાં પુસ્તકો વસાવી શકે છે પણ પેલા કોસિયાનું શું?... અત્યારે મારું હૃદય રડે છે. પણ હું આંખમાંથી આંસુ કેમ ખાળું? ભારે વેદના હોય છતાં મારે તો હસવું છે. રડવાના પ્રસંગો આવે છે છતાં રડ્યો નથી. હૈયું કઠણ કરું પણ એસેગાંવ- ત્યાંના હાડપિંજરો જોઉં છું (અહીં ડૈંમો ભરાઈ આવ્યો. થોડી વાર અટકીને બોલ્યા) ત્યારે મને તમારું સાહિત્ય રેઢિયાળ લાગે છે... ત્યાંની સ્ત્રીઓને જોઉં છું ત્યારે થાય છે કે આ સ્ત્રીઓને અમદાવાદની સ્ત્રીઓની સાથે શો સંબંધ? પેલી સ્ત્રીઓ સાહિત્યને નથી ઓળખતી. રામધૈંન ગવડાવું તો ઝીલી નથી શકતી... હું તો ગામડામાં પડેલો એટલે ગામડિયાની દૃષ્ટિએ મારી ભૈંખ રજૈં કરું. મને તો ગામડામાં રહેનારા માટે અનેક જાતનાં પુસ્તકો જોઈએ છે. મારી ભૈંખ તમે સાહિત્યકારો પૈંરી પાડો... સાચી વાત તો એ છે કે આપણે ગામડાંની દરકાર જ કરી નથી. આપણાં અન્નવસ્ત્રને માટે આપણે ગામડાં પર આધાર રાખીએ છીએ છતાં તેના શેઠ હોઈએ તેમ વર્તીએ છીએ. આપણે અહીં મોજ માણીએ છીએ, પણ આપણા ખરા આશ્રયદાતા તો ગામડિયા છે....આપણે તેમની જરૂરિયાતોનો વિચાર જ નથી કર્યો.તમે શહેરી પ્રજા માટે લખશો તો પણ એ તો એવા નગુણા છે કે અંગ્રેજી જ વાંચશે ! ... તમે વાર્તાઓ લખશો કે પાઠયપુસ્તકો લખશો, તેથી બુદ્ધિનો વિકાસ નહિ થાય, તમારી બુદ્ધિનો વિકાસ કરવો હોય તો ગ્રામ્ય સાધનોનો અભ્યાસ કરો, તેની ખૈંબી અને ખામી સમજો, અને પછી તેને વિશે લખો. જેનું મગજ તાજું છે તેમને ગામડામાં નવું નવું જોવા જાણવાનું મળશે. ગામડામાં જતાં બુદ્ધિ રૂંધાઇ જાય

એમ નથી. જે એવું કહે તેને હું કહીશ કે રૂંધાયેલી બુદ્ધિ લઈને ત્યાં ગયા હશે, ખરી રીતે બુદ્ધિના વિકાસને માટેનું ક્ષેત્ર જ ગામડું છે. નગર નથી. (આરંભ અને સમાપન પ્રવચનોમાંથી સંકલિત અંશો. પૃ. ૨૫, ૨૮, ૬૬, ૬૭ ગુજરાતી સાહિત્ય સંમેલન, અધિવેશન બારમું, અમદાવાદ, અહેવાલ તથા નિબંધગ્રહ. પ્રકાશક : મંત્રી, સાહિત્ય પરષિદ ૧૯૩૭)

મહાત્મા ગાંધીના ઉપરોક્ત વિચારો પ્રત્યે તો સાહિત્યકારોએ હજી આજ લગી કોઇ વિશેષ પ્રતિભાવ આપ્યો હોય કે તે અંગે વિગતે ચર્ચા કરી હોય એવું જાણ્યું નથી પરંતુ તેનાથીય અગત્યની વાત તો એ છે કે આ જ સાહિત્ય પરષિદના અધિવેશન (૧૯૩૬)માં ગાંધીજીની પ્રેરણાથી જ સ્થપાયેલી મહિલાઓની સંસ્થા જયોતિસંઘે વિષય વિચારણીની બેઠક સમક્ષ બે ઠરાવો મૈંક્યા હતા જેના વિશે મહદ્અંશે મૌન હજી લગી જોવા મળે છે :

૧. સાહિત્ય સમાજના ઘડતરનું એક પ્રબળ સાધન છે પરંતુ જયોતિસંઘની કાર્યવાહક સમિતિ, સંઘ તરફથી ચલાવવામાં આવતા પુસ્તકાલયના અનુભવ ઉપરથી તેમજ સ્ત્રીઓ સાથેના સીધા પરિચય ઉપરથી એવાં અભિપ્રાય ઉપર આવી છે કે અત્યારના આપણા સાહિત્યમાં સ્ત્રીઓને વિશે અનિષ્ઠ આદર્શો રજૈં કરવામાં આવે છે અને એ જાતનું સાહિત્ય સ્ત્રીઓની પ્રગતિ તથા વિકાસમાં વિઘ્નરૂપ નિવડે છે, કેટલાક ગુણો જેવા કે સેવાપરાયણતા, ત્યાગ તત્પરતા, નમ્રતા, કોમળતા વગેરેની ખોટી રીતે વર્ણવી તેમાંથી જાણે પુરુષોના ભોજ્યપાત્ર બનવું, પરવલંબી રહવું, ડરપોક રહેવુ, પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ન રાખવું, સ્વાલંબી ન બનવું વગેરે વસ્તુઓ જાણે સાધના દ્વારા પોષવામાં આવે છે. સાહિત્યનું આ વલણ જયોતિસંઘની કાર્યવાહક સમિતિ વખોડી કાઢે છે અને આ હાનિકારક વલણ તરફ ગુજરાતી સાહિત્ય સંમેલનનું ધ્યાન ખેંચે છે. ૨. અત્યારના ગુજરાતી સાહિત્યમાં, સ્ત્રી અને સમાજની કેળવણીની દૃષ્ટિએ નીચેની તાત્કાલિક દૈંર કરવાની જરૂરવાળી કેટલીક ઉણપો દેખાય છે, તેના ઉપર ગુજરાતી સાહિત્ય સંમેલનનું ધ્યાન ખેંચી યોગ્ય કરવા જયોતિસંઘની કાર્યવાહી સમિતિ આગ્રહ કરે છેઃ વિરહ, શૃંગાર અને લાગણીવેડાથી ભરપૈંર રાસ અને ગીતોને બદલે નવી દિશા સૈંચવતા અને પ્રેરણા આપતા રાસ-ગીતોની જરૂર છે.

આ ઠરાવો વિશે પોતાની પ્રતિક્રિયા આપતા મહાત્મા ગાંધીજીએ વિષય વિચારણી સમિતિ આગળ જે ઉદ્ગારો કાઢેલા તેના સંકલિત અંશો પણ અહીં મૈંકવા અસ્થાને નહીં લેખાય : '...અને મને લાગે છે કે આગળના જમાનાના સાહિત્યકારોના કરતા સ્ત્રીને વધારે સારી ચીતરી છે.ગોર્વધનભાઇને તો હું પૈંજનારો. એમણે સ્ત્રીજાતિનુ ભારે સન્માન કરેલું છે. છતાં મને લાગે છે કે આગલા જમાનામાં જે સન્માન થયું હતું તેથી વધારે સન્માન ગોર્વધનભાઇ એ નથી કર્યું. પણ આજકાલ સ્ત્રીઓની જે પૈંજા થઇ રહી છે એમ મુનશી મને કહે છે તે ખોટી પૈંજા છે. સ્ત્રીઓની સારામા સારી ભાવના આજના લેખકો નથી રજૈં કરતા ...એ મારા જ્ઞાનથી કહું છું. આજે તમે સ્ત્રીને જે રીતે ચીતરી રહ્યા છો તેમાં સ્ત્રીનું નથી સન્માન રહ્યું, નથી પૈંજા રહી. મને કહેવામાં આવે છે કે સ્ત્રીઓ પુરૂષોને બહુ દુષ્ટ ચીતરી રહી છે. હા ચીતરે છે પણ કેમ ન ચીતરે ? પુરૂષોએ એને કનડગત કરવામાં કાંઈ બાકી રાખી છે કે ? એમ. એ. થયેલા પણ સ્ત્રીને કેવી રીતે રાખે છે એ બતાવનારા દયાજનક કાગળો મારી પાસે પડ્યા છે. એટલે હું તો કહું છું કે સ્ત્રી પુરુષોની સામે થાય એટલું જ નહિં, પણ સ્ત્રી પુરૂષના અત્યાચાર સામે તેને દાંતથી પીસવાને તૈયાર થાય તોય અને હું અહિંસા ગણું.' (પૃ.૩૪,૩૫ ગુજરાતી સાહિત્ય સંમેલન, અધિવેશ બારમું, અમદાવાદ, અહેવાલ અને નિબંધસંગ્રહ)

૧૯૩૦ના આંદોલનોથી સજ્ઞ થયેલી ગુજરાતણો દ્વારા સ્થપાયેલ જયોતિસંઘના ઠેઠ ૧૯૩૬ના આ ઠરાવોમાં વ્યક્ત થયેલા વિચારો જોઇ આપણે સૌ ગર્વ અનુભવી શકીએ એમ છીએ કે ગુજરાતની મહિલાઓએ આજથી સિત્તેર-પચોત્તેર વરસો પહેલાં પોતાની આગવી સ્ત્રી તરીકેની ઓળખ અને સ્વમાન ઉભા કરવાના પ્રયત્નો આદર્યા હતા અને તેમાંય ગાંધીજીની પ્રેરણા, જીવનદૃષ્ટિ પ્રોત્સાહક બની હતી. પણ ગાંધીજીના સૌ કોઇ અનુયાયીઓ આ જીવનદૃષ્ટિને

રાહે સંપૈર્ણપણે ચાલવા ઇચ્છતા હતા ખરા ? મહિલાઓની આ જયોતિસંઘ એક આગવી મહિલાઓની સંસ્થા તરીકે ઊભી થાય એવું ગાંધીજી ઈચ્છતા પણ ગાંધીજીએ જેમને સરદાર ગણ્યા તે વલ્લભભાઇ પટેલ, કોંગ્રેસને પગલે ચાલનારું માત્ર મહિલામંડળ જ બને તેવું ઈચ્છતા હતા...જયોતિસંઘ સંસ્થાના ઇતિહાસમાં આ અંગેની વાત આ રીતે મૈંકાય છેઃ

'ખાંડિયામાં ડો. કાનુગાને ત્યાં શ્રી નંદુબહેન, શ્રી મૈંદુલાબહેન બધા બેઠા હતા. સંઘની વાતો ચાલતી હતી. સરદાર શ્રી આવ્યા પછી (છોટે સરદાર) ચંદુભાઇ આવ્યા. સરદારને તો વિદેશી કાપડ બહિષ્કાર સમિતિ બધં કરી મહિલા મંડળ કરવું હતું. આ પ્રકારની સંસ્થાનું તેમનો વિરોધ હતો જ તેથી કહે : કાંતો જયોતિસંઘ કોંગ્રેસ સાથે ભળી જાય કાં બંધ થાય. છોટે સરદારે પણ વિરોધ કર્યોઃ

' આ તો કુટુંબો તોડવાનું કામ લઇ બેઠું છે.' આ વિરોધ વધારે જામ્યો. તીથલ બાપુજી કાને વાત ગઇ. સંઘને તેનું પીઠબળ હતું. (પૃ.૪૯, જયોતિ વિકાસયાત્રા, ઇતિહાસ આલેખનઃ સુસ્મિતા મ્હેડ, પ્રકાશકઃ પ્રમુખ,જયોતિસંઘ, અમદાવાદ ૧૯૭૨)

ગાંધીચીંધ્યા માર્ગે ચાલનારા પુ. જુગતરામકાકાએ પણ પોતાના આત્મકથામાં એક પ્રસંગ નોંધ્યું છે જેમાં વ્યવહારુ સરદાર પટેલનું વ્યક્તિત્વ જાણી શકાય એવું છેઃ '...ગામના કણબીવાસમાં રાત્રીશાળા ઉપર ઠીકઠીક ચકચાર ચાલતી થઇ. મોતીયો વગેરે જુવાનીયાઓ ખેતરે જાય ત્યાં તેમની ' ચાલણગાડી' ને સ્લેટપણ લઇ જવા લાગ્યા ઘડીક બીડી તાણવા ઝાડને છાંયે બેસે ત્યારે ચોપડી ઉઘાડી 'વહાલી વહાલી લાગે આ મારી શાળા'એવું કંઇ કંઇ વાંચે અથવા સ્લેટ ઉપર ચીતરે. ખેતરે- ખેતરે આવો દેખાવ જોઇને ચકચારમાં ખેંબ ગરમી આવી. કોઇ પટેલિયાએ ફળિયા વચ્ચે ત્રાડ પાડી હશેઃ ' આ નરડાં ભણહે ત્યારે ખેતી કોણ કરહે ? 'ઘેર ઘેર કણબીઓ સમજી ગયા. દૈંબળા જવાનોને ઘેર ઘેર ચાવી ચડાવી દેવામાં આવી અને ગુરુમંત્ર આપી દેવામાં આવ્યો.... રાત્રિશાળા ખાલી પડી ગઇ. ધણિયામાઓએ ચાવી ચડાવવાથી તે બંધ પડી ગઇ એ વિશે શંકા રહી નહીં.... નરહરિભાઇએ પ્રતિજ્ઞા લીધીઃ 'જયાં સુધી શાળા ફરી ચાલુ થાય નહીં ત્યાં સુધી મારા ઉપવાસ છે!'

.... આશ્રમમાં હાહાકાર થયો...નરહરિભાઈ ખાટલો ઢાળી પડયા હતા. તેઓ પૈંરા ઉત્સાહમાં હતા. અમે પણ તેમના ઉત્સાહમાં ભળી ગયા. 'નિશાળ જેવું નિર્દોષ કામ કરવામાં લોકો આડા આવે એ આપણાથી સહન ન જ થાય.' મેં પણ એમના ઉપવાસના પગલામાં ટાપસી પૈંરી. રસ્તો કાઢવા કંઇ સમાધાનનો વિચાર કરવો એ મને પણ ગ્રામસેવકનો ધર્મ ચૈંકયા જેવું લાગ્યું....રાજાજીનો તાર આવ્યો-' આવા જુગજૈંના રિવાજ સામે ઉપવાસ હોય નહીં.ઉપવાસ છોડવા વિનંતી.' સરદાર વલ્લભભાઇ સમજી ગયા કે આ કાગળ કે તારથી પતે એવી વાત નથી. ઉપવાસના સાતમા દિવસે તેઓ આવીને સરભોણ આશ્રમમાં હાજર થયા.....લોકોની સંમતિ મેળવી સરદારે ઠરાવ્યું કે આજે રાત્રે નિશાળ ફરી ચાલુ કરવી અને કાલે સવારે નરહરિભાઈએ પારણાં કરવાં.

રાત્રે આશ્રમમાંથી અમે શાળા ચલાવવા ઝાંખરડા ગયા, પણ મોટા ભાગના જુવાનિયાઓ હાથમાં આવ્યા નહીં. અમે ઘરડાઓમાંથી જે મળ્યા તેમને દીવા સામે બેસાડ્યા. ગમે તેવી નિશાળ ચાલુ તો થઈ ગણાય, એટલે બીજે દિવસે- ઉપવાસના સાતમાં દસમા દિવસે નરહરિભાઈને પારણાં કરાવી..... સરદાર વિદાય થયા. અમે રોજ રાત્રિશાળા ચલાવવા જવા લાગ્યા, પણ તે ફરીથી વ્યવસ્થિત પહેલાં જેવી ચાલી નહીં જ... છેવટે થાકીને અમે ગભરાયેલા જુવાનિયાઓને જવા દઈ દૈંબળાઓનાં નાનાં બાળકો માટેની શાળા આશ્રમમાં ચાલું કરી અમારા મનને મનાવ્યું.(સંકલિત અંશોઃ પૃષ્ઠઃ૬૪,૬૫,૬૬. મારી જીવનકથા લે. જુગતરામ દવે, પ્રકાશકઃ નવજીવન,-અમદાવાદ ૧૯૭૪)

આમ તો કેટકેટલા ગાંધીચીંધ્યા માર્ગે ચાલનાર આદર્શવાદી ગુજરાતીઓએ મનને મારીનેય કડવું સત્ય સ્વીકાર્યું હશે ? પણ સરદાર એટલે સરદાર !તડ ને ફડ રસ્તો કાઢનારા, વ્યવહારુ આ ગુજરાતી 'લોખંડી પુરુષ'

નાં બાવલાં તો ગુજરાતમાં ગામે ગામ જોવાં મળે જ. પણ અમદાવાદમાં તો ? સરદાર પુલ, સરદાર બાગ, સરદાર હોસ્પિટલ, સરદાર સ્મારક, સરદારપટેલ આંતરરાષ્ટ્રીય હવાઈ અડ્ડા, સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઇકનોમિક્સ, સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઑફ એડમિનીસ્ટ્રેશન, સરદાર પટેલ સેવાસમાજ, સરદાર પટેલ મહાનગરપાલિકાભવન, સરદાર વલ્લભભાઈ પટેલ કૉલેજ, સરદાર પટેલ સ્ટેડિયમ... યાદી ઘણી લાંબી થાય. અરે! ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલા નવા સચિવાલયનું નામપણ સરદાર પટેલ વહીવટી ભવન છે અને કોંગ્રેસના ભૈંતપૈંર્વ મુખ્યપ્રધાન ચીમનભાઈ પટેલના અનુયાયીઓ તેમને છોટે સરદાર તરીકે ઓળખતા અને ભાજપના મુખ્ય પ્રધાનોના અનુયાયીઓ પણ પોતાના નેતાઓને છોટે સરદાર તરીકે બિરદાવવામાં ગૌરવ અનુભવતા રહ્યા છે! પ્રશ્ન થાય કે ગુજરાતમાં સરદાર પટેલ સિવાય કોઈ વ્યક્તિત્વ જ નથી ? જવાબમાં કોઈ કહેશે કે ગુજરાતમાં આર્થિક અને રાજકીય વર્ચસ્વ પટેલોનું રહ્યું છે. તેઓ પોતાના ગૌરવને સાચવવા ને પોતાની ઓળખને ઊંચી રાખવા સરદાર પટેલના પ્રતીકનો ઉપયોગ કરતા રહ્યા છે. તો પટેલોમાં તો ઘણા નરબંકા થયા છે. જેમણે 'પાટીદાર ' સમાજના સુધારાને વિકાસ માટે આજીવન કામ કર્યું. તેમને કયાંય-કયારેય પણ યાદ નહીં કરવાના? એમના નામે નાનું સરખુ સ્મારક પણ નહીં ? એક જ દાખલો, સરદાર પટેલના જ સમવયસ્ક નરસિંહભાઈ પટેલ. વિદ્યાર્થી અવસ્થામાં સરદાર પટેલની સાથે જ પણ રાષ્ટ્રીય ચળવળના આરંભના સમયમાં, ગાંધીજી સ્વદેશ પરત ફર્યા તે પહેલાંની ક્રાંતિકારી ચળવળોમાં 'વનસ્પતિની દવાઓ ' નામે બોંબ બનાવવા માટેની પુસ્તિકા લખનાર અને અંગ્રેજ સરકાર દ્વારા હદપાર થતાં આથડતાકુટાતા પોંડીચેરી થઈ કોલંબો થઈ ઠેઠ ટાન્ઝાનિયા પહોંચી જઈ સંઘર્ષભર્યું વરસો લગી જીવન જીવ્યા બાદ સાત વરસ બાદ પાછા આવી શાંતિનિકેતનમાં જર્મન ભાષાના શિક્ષક તરીકે કામ કર્યું, પછી ગુજરાતમાં આવી ક્રાંતિકારી સામાજિક વિચારો સાથેના, સમાજમાં ખળભળાટ મચાવનારાં પુસ્તકો, 'ઈશ્વરનો ઈન્કાર' અને 'લગ્નપ્રપંચ' લખ્યા. અને સતત એકવીસ વરસ લગી પ્રસિદ્ધ સામયિક 'પાટીદાર ' ચલાવનાર આ ક્રાંતિકારી વિશે પાટીદાર સમાજે કોઈ નોંધપાત્ર સ્મૃતિ- સ્મારક બનાવ્યું હોય એવું જોયું કે સાંભળ્યું નથી. ૧૯૩૧માં આમંદ મુકામે યોજાયેલા પાટીદાર યુવક મંડળના કાર્યક્રમમાં સરદાર પટેલે પોતાના હાઈસ્કૈંલ સમયના મિત્ર નરસિંહભાઈ વિશે કહ્યું હતું:

'મને નરસિંહભાઈએ તોફાની કહ્યો પણ એના તોફાન માટે એમના ઘરમાં અને વડોદરાના મહારાજાને પૈંછો.તોફાની તો એ છે કે હદપાર થયેલા. હું હદપાર થયેલો નથી. નરસિંહભાઈના વૃદ્ધ શરીરમાં જુવાનને ડોલાવે એટલી જુવાની છે. એ 'પાટીદાર' માસિક ચલાવે છે, એમની કલમ 'પાટીદાર'ને શોભે એવી જ છે એમની કલમ પરશુરામની ફરશી જેવી ધારવાળી છે.'

સરદાર પટેલ યોગ્ય કહે છે તેઓ 'હદપાર' થયેલા નથી. કદાચ એટેલે જ એ પૈંજાય છે. જે હદપાર જાય છે તેને ભૈંલી જવામાં ગુજરાત પોતાનું ગૌરવ અનુભવે છે.

અને આ નરસિંહભાઈનું તો જીવનસૈંત્ર જ હતું Live dangerous હુ, અગ્નિભર્યું જીવો ! પછી એમને યાદ રાખવાથી શું 'ફાયદો'? અને કદાચ એટલે જ અમદાવાદની આમ જનતાના ગઈ સદીના લોકપ્રિય અને લડાકુ નેતા ઈન્દુચાચા- ઇન્દુલાલ યાજ્ઞિકની એક મૈંર્તિ સિવાય એમને કયાં યાદ કરવામાં આવે છે? મૈંદુલા સારાભાઈ... ગાંધીજીના કહેવાથી આજીવન કોમી એકતા માટે, ખાસ કરીને ભાગલા વખતે જીવના જોખમે નોંધપાત્ર કામ કરનાર અને જયોતિસંઘ જેવી સંસ્થાના સ્થાપક સમ આ ગુજરાતી વીરાંગનાને આપણે કદીય યાદ કરતાં નથી. કારણ? એણે 'હદપાર' કરી. સરકારીની કાશ્મીર અંગેની નીતિના વિરોધમાં કોંગ્રેસ છોડી! વિદુષી અને કર્મશીલ શારદાબહેન મહેતા! એમના પ્રદાનને ગુજરાત કેટલું યાદ કરેછે?

આ 'હદપાર ' વિરુદ્ધ 'હદમાં' અને 'તમે સારા- અમે સારા- સૌ સારા'ની ગુજરાતી માનસિકતાનું ઘડતર કેવી રીતે થયું ? એક તો ધર્મોની નરી આંખે ન

દેખાય એવી સાઠમારી, બીજું રાજસત્તાને આધીન વર્તવું અને ત્રીજું ગુજરાતની વિશિષ્ટ મહાજન પરંપરા!–આ કારણો જવાબદાર હશે. કદાચ એ જાણવાની મથામણમાં જ ખોવાયેલી મારા મત પ્રમાણેની અસ્મિતા મળી શકે એમ છે.

ગુજરાતીઓની માનસિકતાના ઘડતર સંદર્ભે કવિ ન્હાનાલાલનું આ લખાણ નોંધપાત્ર છેઃ

'વઢવાણમાં શામળ કેમ વંચાતો ને નરસિંહ, મીરાં કે પ્રમાનંદ કેમ નહિ ? એ આપણા કાવ્યવિવેચકોને વિચારયોગ્ય સંસાર કોયડો છે...વઢવાણ પ્રાયઃ નામ પ્રમાણે –જૈનપુરી છે.... બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈષ્ણવો રહ્યાં નથી એમ નહિ, ઉદિચ્ય બ્રાહ્મણોનો જથ્થો વિશાળ જોરાવર ને ગરાસદાર છે, છતાં મહાજન તો જૈન મહાજન છે. બ્રાહ્મણો દેવીભક્ત છે...રસિકો ત્યારે સંદેવન્ત સાવળીંગા ને ગજરામારુ વાંચતા ને એ દુહા પ્રલંબ સૈરે લલકારતા જૈનેતર વર્ગમાં વંચાતા નથી; તેમ વઢવાણની વૈષ્ણવેતર જનતા એ વૈષ્ણવ કવિવરોને વાંચતી નહીં. ... જે નડ્યું છે તે પ્રેમાનંદને અમદાવાદ વઢવાણની જૈન જનતામાં પ્રવેશતાં આડકોટ થઈ અવરોધે છે. ...ત્યારે વઢવાણની બ્રાહ્મણ જનતાના કવિ વલ્લભ ભટ્ટ હતા, જૈન જનતાના કવિ શામળ ભટ્ટ હતા.'(સંકલિત અંશોઃ પૃ. ૪૭, ૪૮. કવીશ્વર દલપતરામ ભાગ-૧. લે. ન્હાનાલાલ દ. કવિ પ્રકાશકઃ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.)

ધર્મ હજી આજેય બધા ગુજરાતીઓની એકતામાં અવરોધક છે અને તેની સાથે મહાજન પરંપરાનો સરવાળો ગુજરાતનું આભાસી ગૌરવચિત્ર ઊભું કરે છે.

ગુજરાતના બૌદ્ધિકો અને પ્રતિષ્ઠિત સાહિત્યકારોએ શાણી ગુજરાતની ગૌરવપૈંર્ણ વિશિષ્ટતા તરીકે મહાજન પરંપરાને ગણી છે જેણે કોઈ પણ સત્તાધારીની મનમાની ચાલવા દીધી નથી, એવું મહાજનોના સર્વસ્વ વિશે હરખભેર કહેવાતું પણ રહ્યું છે. પણ દરેક ઉદ્યોગ, ધંધા અને કારીગરોનો મહાજનોનું વજન એક સરખું જ ગણાતું એમ માનવું ભૈંલભરેલું છે. દરેક સંગઠન 'મહાજન'ના સમાન નામને ઓળખાવવાને કારણે આ ભ્રામક ખ્યાલ પ્રચાર સહેતુક ચાલતો રહ્યો છે એમ કહેવું અસ્થાને નહીં લેખાય.

ખરેખર તો પરંપરાગત ધંધા- ઉદ્યોગ વેપારના મહાજનોના વડા 'શેઠ' તરીકે ઓળખાતા અને કારીગર વર્ગના મહાજનોના વડા 'પટેલ'તરીકે.

ઉચ્ચ જ્ઞાતિઓની સાથે જ ઉચ્ચ ધંધારોજગાર ગુજરાતી સમાજમાં રહ્યા છે એ તો સ્પષ્ટ વાત છે અને અગાઉ તો જ્ઞાતિ-જાતિ ધંધા- ઉદ્યોગ- શ્રમ સાથે જ જોડાયેલી પણ હતી જ. એટલે રાજયમાં ઉચ્ચ ધંધા-ઉદ્યોગોના હિતમાં જ જે હતું એ જ 'મહાજન'નામના સંગઠનના દબાણો કામ કરાવતા અને મહદ્અંશે કારીગર વર્ગ, શ્રમજીવી વર્ગને આડકતરી રીતે સંગઠિત શોષણનો ભોગ બનવું પડતું. અમદાવાદના ઇતિહાસમાંથી ઉદાહરણો જોઈએ : કુંભાર, સુથાર,લુહાર, હજામ વગેરે ના મહાજનો સામે ભાવ વધારવા માટે બીજા શાહુકાર મહાજનોને અનેક વાર લડવું પડયું હોય એવા દાખલા નોંધાયેલા છે. ... કુંભારોએ માટીની ચીજોના ભાવ વધાર્યા હોય ત્યારે બીજાં મહાજનોએ એની વસ્તુઓનો અને એમનો બહિષ્કાર કર્યો છે અને લગ્નાદિ મોટા પ્રસંગોમાં પણ માટીનાં વાસણને બદલે ધાતુનાં વાપરવાના હુકમો કાઢેલા છે. મહાજનને આવે વખતે પોતાને ખર્ચે છુપી રીતે પરગામોમાંથી એવા વાસણો મંગાવેલા છે. ખુલ્લી રીતે તો બીજા ગામના કુંભાર પોતાના કે ધંધાભાઈઓની વિરુદ્ધ જઈ કંઈ આપે નહીં એવી મહાજનોની સત્તા હતી.'

* * *

'શુદ્ધ વેપારી મહાજનો ઉપર પણ નાતના પંચની લાગવગ પહેલાં પહોંચતી અને સામાજિક બંધનો ઉપર મહાજનો ભાર મૈંકતા. એક વખત એક શ્રીમાળી વાણિયાએ વિધવાવિવાહ કરી નાતને ગુસ્સે કરી એટલે કાપડબજારના મહાજને એને બહાર કાઢયો. પરિણામે એને દુકાન કાઢી પરગામ જવું પડયું.'

(સંકલિત અંશોઃ પૃ,૫૪૭, ૫૫૦-' ગુજરાતનું પાટનગર અમદાવાદ' લેખકઃ રત્નમણિરાવ

ભીમરાવ પ્રકાશકઃ ગુજરાત સાહિત્યસભા, અમદાવાદ ૧૯૨૮)

આ મહાજન પરંપરાનો પ્રયોગ સંગઠિત ઉદ્યોગોમાં પણ શ્રમજીવીઓ માટે 'મજૈંર મહાજન'ના નામે થયો. આ પ્રયોગના કેવાં માઠાં પરિણામો અમદાવાદનાં મજૈંર આંદોલનોને ભોગવવાં પડયાં એ સૌ કોઈ જાણે જ છે.

જાતિ, જ્ઞાતિ અને ધર્મનાં કુંડાળાં જડબેસલાક બનાવતી આ ' ગુજરાતની ગૌરવસમી મહાજન પરંપરા' માં એના કુંડાળામાંથી બહાર વસતા, કુંડાળાની હદપાર વસતા લોકો માટે કેવી ચુપકિદી રખાતી એના દાખલા માટે આપણા કોઈ ઈતિહાસકારની કલમે નહીં નોંધાયેલી પણ પરદેશી મુસાફરની નોંધમાંથી જાણવી અહીં જરૂરી બની રહે છે. મન્ડેલસ્લો નામનો જર્મન મુસાફર ૧૬૩૮માં ગુજરાતમાં અમદાવાદમાં આવ્યો હતો જે સમયે આઝમખાન સૈંબો હતો. આ મુસાફરે લખ્યું છે કે તે દિવસે બે વિદેશી વેપારીઓ જેમાં એક ડચ અને બીજા અંગ્રેજને ડીનર માટે બોલાવ્યા હતા અને આ વેપારીઓના મનોરંજન માટે વીસ નર્તકીઓને બોલાવી હતી. આ જર્મન મુસાફર આગળ લખે છે કે આ નર્તકીઓએ લાગલગાટ બે કલાક સુધી ખૈંબ સુંદર નૃત્યો રજૈં કર્યાં. પછી બીજી નર્તકીઓને બોલાવવા નવાબે માણસને મોકલ્યો. પણ બીજી નર્તકીઓ ન આવી, બિમારીનું બાહનું બતાવી આવવાની ના પાડી દીધી. પછી નવાબે એ ના પાડનારી નર્તકીઓને મહેલમાં બોલાવી લાવવાનો હુકમ કર્યો. નર્તકીઓ મૌન રહી. જવાબ મેળવવા દુરાગ્રહ રાખ્યો. છેવટે નર્તકીઓએ જણાવ્યું કે અમારી કલા- મહેનતના બદલામાં આપ પૈસા નહીં આપો, મફતમાં નૃત્ય કરાવશો એવું માની અમે નહીં આવવાનું બધાએ ભેગા થઈને નક્કી કર્યું. હતું. જવાબ સાંભળી ગુસ્સે થયેલા નવાબ આઝમખાને તે જ વખતે આ તમામ નર્તકીઓનાં માથાં વાઢી નાખવાનો હુકમ કર્યો.(mandasios Travels in Western India, pp39, AD 1639 by commissariat NS) પોતાના હક્ક- અધિકાર માટે લડનારી, મોતને વહાલું કરનારા આ ગુજરાતી વીરાંગનાઓ માટે કોઈ મહાજન બોલ્યું હોય કે કોઈ સાહિત્યકારે આ શહાદતને બિરદાવી